કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI


તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. 30/03/2026 | અંક નં.: 13 | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100 | Date: 30/03/2026 | Issue No.: 13 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100

## "રસ્તા નહીં, ભ્રષ્ટાચારના ખાડા!"—પૂર્વ વિરોધ પક્ષના નેતાનો તંત્ર સામે કડક પ્રહાર...



હિંમતનગર શહેરમાં દર વર્ષે "થીગડા મારવા" ના નામે નાગરિકોના ટેક્સના કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે, છતાં રોડ રસ્તાની હાલત સતત ખરાબ બની રહી છે. જો કામ ગુણવત્તાયુક્ત થતું હોત, તો દર વર્ષે ફરીથી રસ્તા બનાવવા પડતા જ ન હોત — આ જ પ્રશ્ન આજે નાગરિકોમાં ઉઠી રહ્યો છે. નગરપાલિકાના પૂર્વ વિરોધ પક્ષના નેતાએ જણાવ્યું હતું કે તેઓ આજે કલેક્ટર કચેરી, જિલ્લા કોર્ટ તથા પ્રાંત અધિકારી કચેરી સામે ઉભા રહીને વાસ્તવિક સ્થિતિ રજૂ કરી રહ્યા છે. સ્થળ પર જ સ્પષ્ટ જોવા મળે છે કે રોડ પરથી ડામર ગાયબ છે, કપચીઓ બહાર આવી ગઈ છે અને શહેરના મુખ્ય માર્ગો તેમજ વિવિધ વોર્ડ અને સોસાયટીઓના રસ્તાઓ ખખડધજ હાલતમાં ફેરવાઈ ગયા છે. આ ફક્ત બેદરકારી નથી —આ સીધો ભ્રષ્ટાચારનો જીવંત પુરાવો છે! નગરપાલિકાના બાંધકામ વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા રચાઈ, શાસક પક્ષ દ્વારા મંજૂરી આપવામાં આવે છે, ત્યારબાદ ટેન્ડર બહાર પાડવામાં આવે છે અને કમિશનની ગોઠવણી થાય છે. વર્ષોથી નિયમોના દુરુપયોગ દ્વારા મનપસંદ કોન્ટ્રાક્ટરોને કામ આપવામાં આવે છે, જેના કારણે નબળી ગુણવત્તાના રોડ બને છે અને થોડા જ સમયમાં તૂટી જાય છે. ૫૦ વર્ષના શાસન છતાં — ✕ ગુણવત્તા નથી ✕ જવાબદારી નથી ✕ પારદર્શિતા નથી ફક્ત કાગળ પર વિકાસ — જમીન પર વિનાશ! જ્યારે તંત્રની કચેરીઓની બહાર જ આ સ્થિતિ હોય, ત્યારે શહેરના સામાન્ય વિસ્તારોની સ્થિતિ કેટલી ભયાનક હશે તે સહેલાઈથી અંદાજ લગાવી શકાય છે. હવે સમય આવી ગયો છે —આ ભ્રષ્ટ વ્યવસ્થાને સીધો સવાલ પૂછવાનો! આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પક્ષના નામે નહીં,પણ કાર્યના મૂલ્યાંકનના આધારે જાગૃત નાગરિક તરીકે મતદાન કરો. મંજૂર થયેલા તમામ રોડ રસ્તાની કામગીરી પારદર્શક રીતે અને ઉચ્ચ ગુણવત્તા સાથે તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી વહીવટદારશ્રી તથા પ્રાંત અધિકારીશ્રી પાસે કડક માંગ કરવામાં આવે છે. હિંમતનગરના નાગરિકોને અપીલ —તમારા હક્ક માટે અવાજ ઉઠાવો, જવાબદારી માંગો અને વિકાસને હકીકતમાં ઉતારવા માટે એકજુટ બનો.

## પ્રાંતિજ ડમ્પિંગ સાઈટ પર કચરામાં આગ, 5 કલાકમાં 7500 લીટર પાણીથી આગ કાબૂ..










સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નવાપુરા નજીક આવેલી નગરપાલિકાની ડમ્પિંગ સાઈટમાં ગત રાત્રિના સમયે અચાનક આગ લાગી હતી. ઘટનાની જાણ થતા જ પ્રાંતિજ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.ડમ્પિંગ સાઈટમાં રહેલા કચરાના ઢગલાના કારણે આગ ઝડપથી પ્રસરી હતી, જેના કારણે આગ પર કાબૂ મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે મોડી રાત્રિ સુધી સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.ફાયર બ્રિગેડ ટીમના મુકેશભાઈ પરમારે જણાવ્યું હતું કે નવાપુરા ડમ્પિંગ સાઈટ પર લાગેલી આગમાં કચરાની ગાસડીઓ લપેટાઈ જતા આગ વધુ ભભૂકી હતી. જોકે ટીમે આશરે 5 કલાકમાં 7500 લીટર પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી.હાલમાં આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ હોવાનું જાણવા મળ્યું છે.


---

## હિંમતનગરના સહકારીજીન ચોકડી પર ભારે ટ્રાફિક જામથી લોકો પરેશાન









હિંમતનગરના સહકારીજીન ચોકડી વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, જેના કારણે સ્થાનિક લોકો તેમજ વાહનચાલકો ભારે પરેશાન બન્યા હતા. લાંબા સમયથી વાહનચાલકો ટ્રાફિકમાં ફસાઈ જતા અવરજવર સંપૂર્ણપણે ધીમી પડી ગઈ હતી. નેશનલ હાઈવે ચોકડીથી લઈ સર્વિસ રોડ અને શહેરના અંદરના માર્ગો સુધી ટ્રાફિકનો દબાણ જોવા મળ્યો હતો. જેના કારણે શહેરના રહિશોને પણ દૈનિક કામકાજમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.મુખ્યત્વે સાંકડા સર્વિસ રોડ અને ચારેય બાજુ ચાલી રહેલા ખોદકામને કારણે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની હતી. વાહનચાલકોને વારંવાર અવરોધનો સામનો કરવો પડી રહ્યો હતો. પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી અને વાહનવ્યવહારને હળવો કરવાની કામગીરી શરૂ કરતા ધીમે ધીમે રાહત મળી હતી.

*******************************************************************************************



# હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગરમાં" Importantance of Information Technology Act 2000 in Cyber Era."વિષય પર સેમિનારનું આયોજન...

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગરમાં તા. 25/03/2026ને બુધવાર ના રોજ સરકારની 'કવચ' યોજના અંતર્ગતકરેલ. આ સેમિનારમાં ડૉ. શ્રધ્ધાબેન પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ હાજર રહી વિદ્યાર્થીઓને આઇ.ટી એક્ટ અંતર્ગત સાયબર સુરક્ષા અંગે વિસ્તૃત માહિતી આપેલ. કોલેજના ઈનચાર્જ પ્રિન્સીપાલ ડૉ. બિનલબેન પટેલ દ્વારા મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સેમિનાર કન્વીનર ડૉ. વૈદેહી પંડ્યા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમની આભાર વિધિ ડૉ. જયપ્રકાશ જાની દ્વારા કરવામાં આવેલ. કોલેજના તમામ સ્ટાફ મિત્રો ડૉ. પારસબેન જોષી, પ્રકાશભાઈ પાઠક તથા વિદ્યાર્થીઓના સહકારથી સેમિનાર સફળ થયેલ.

# વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે સાબરકાંઠામાં જાગૃતિ રેલી અને ટીબી કીટ વિતરણ














સાબરકાંઠા જિલ્લામાં આજે વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. હિંમતનગર સ્થિત ટીબી સેન્ટર ખાતે લાભાર્થી દર્દીઓને ટીબી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ જનજાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંમતનગરના ટીબી સેન્ટરમાં આશરે ૨૫ જેટલા ટીબી દર્દીઓને જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજ સુતરીયાના હસ્તે ટીબી કીટ આપવામાં આવી હતી. નિકષય મિત્ર યોજના હેઠળ દર્દીઓને દવાઓ સાથે પોષણયુક્ત (ન્યુટ્રિશન) કીટ પણ ઉપલબ્ધ થાય તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં ટીબીના કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન ૪૭૧૯ કેસ નોંધાયા હતા, જ્યારે વર્ષ ૨૦૨૫માં આ આંકડો ઘટીને ૪૫૯૯ રહ્યો હતો. ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં આશરે ૧૦૫૨ કેસ નોંધાયા છે. જિલ્લામાં આશરે ૯૪ ટકા દર્દીઓ સારવાર દ્વારા સંપૂર્ણ સ્વસ્થ થયા છે. જોકે દર વર્ષે સારવાર દરમિયાન આશરે ૧૦૮ થી ૧૨૦ દર્દીઓના મૃત્યુ નોંધાતા હોય છે, પરંતુ હાલ જિલ્લામાં મૃત્યુદરમાં સુધારો નોંધાયો છે. વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે હિંમતનગરમાં જનજાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. વિવિધ બેનરો સાથે શહેરમાં ફરેલી આ રેલીનું સમાપન ટીબી સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું.

# મોડાસામાં એક જ રાતમાં 13થીવધુ દુકાનોનાં તાળાં તૂટયાં,વેપારીઓમાં ભય...

અરવલ્લી જિલ્લામાં તસ્કરોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. મોડાસા શહેરમાં અનેક વખત ઘરફેડ ચોરીઓ, વાહનોની ચોરીઓના બનાવો સામે આવે છે. દરમિયાન સોમવારે મોડી રાત્રે મુખ્ય બજાર વિસ્તારમાં એક સાથે 13 દુકાનોનાં તાળાં તૂટતાં ભયનો માહોલ છવાયો છે. પોલીસ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે ભર બજારમાં આવેલી દુકાનોમાં ચોરીઓ થતાં પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. મોડાસા શહેરમાં સોમવારે રાત્રે તસ્કરોની ટોળકી ઉતરી પડી હોય તેમ એક જ જગ્યાએ 13 દુકાનોનાં તાળાં તોડી તરખાટ મચાવી મૂક્યો હતો. આ ઘટનાએ વેપારીઓ અને સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાવી દીધો છે. શહેરના વ્યસ્ત વિસ્તારમાં આવેલ પાલિકાના શુભ કોમ્પલેક્ષમાં તસ્કરોએ ત્રાટકી એકસાથે 13થી વધુ દુકાનોના તાળા તોડી ચોરીને અંજામ આપ્યો હતો. જૂના પોલીસ સ્ટેશનની નજીક આવેલ અને મોડી રાત સુધી આ વિસ્તારમાં લોકોની અવરજવર રહેતી હોવા છતાંય તસ્કરો દુકાનોનાં તાળાં તોડી જે કંઇ પરચૂરણ સામાન અને નાની મોટી રોકડ મળી તે ચોરી કરી ફરાર થઈ ગયા હતા, જોકે ચોક્કસ ચોરીનો આંકડો સામે આવ્યો નથી, પરંતુ નાના વેપારીઓને આર્થિક નુકસાન થયું હોવાનું મનાય છે. મંગળવારે વહેલી સવારમાં દુકાનદારો દુકાનો ખોલવા પહોંચ્યા ત્યારે તાળા તૂટેલા જોઈ દંગ રહી ગયા હતા. ઘટના અંગે તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી પ્રાથમિક તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારોમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ એકત્રિત કરી તસ્કરોની ઓળખ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરીની ઘટનાઓમાં વધારો નોંધાયો છે. થોડા દિવસો પહેલાં સોસાયટી વિસ્તારમાં પણ ચોરીના બનાવો બન્યા હતા અને હવે તસ્કરો બજાર વિસ્તારમાં પ્રવેશતા વેપારીઓમાં ભય વધ્યો છે. બીજી તરફ્ શહેરના ભરચક વિસ્તારમાં થયેલ ચોરીના બનાવથી ટાઉન પોલીસની કામગીરી સામે પણ સ્થાનિકો અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ પૂરતું નથી, જેના કારણે તસ્કરોને ખુલ્લેઆમ ચોરી કરવાની તક મળી રહી છે. લોકો માંગ કરી રહ્યા છે કે પોલીસ રાત્રિ પેટ્રોલિંગ વધારે અને લોકોને સુરક્ષા પૂરી પાડવામાં આવે. બીજી તરફ્ શહેરમાં વારંવાર બનતા ચોરીઓના બનાવો અટકાવવા કડક પગલાં ભરવામાં આવે.

## અરવલ્લી જિલ્લામાં તસ્કરોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. મોડાસા શહેરમાં અનેક વખત ઘરફેડ ચોરીઓ, વાહનોની ચોરીઓના બનાવો સામે આવે છે

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

*******************************************************************************************

# ફેથ હાયર સેકન્ડરી સ્કુલ ગુજરાતી મિડીયમના પ્રિન્સિપલ શ્રીમતી ગાયત્રી સિંહા મેડમના વિશેષ માર્ગદર્શન હેઠળ એક અનોખું અને જ્ઞાનવર્ધક આયોજન



Faith Higher Secondary School Gujarati Medium શિક્ષણ ક્ષેત્રે નવીનતા અને સર્જનાત્મકતા તરફ આગળ વધતી અમારી શાળામાં, પ્રિન્સિપલ શ્રીમતી ગાયત્રી સિંહા મેડમના વિશેષ માર્ગદર્શન હેઠળ એક અનોખું અને જ્ઞાનવર્ધક આયોજન — "आओ सायंसमय हो जाए 3.0" સફળતાપૂર્વક યોજાયું.જેમાંશાળાના ટ્રસ્ટી શ્રી નિસર્ગ પંડ્યા ના સહયોગ અને ભારતીય જનતા પાર્ટીના જીલ્લા પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ ,જિલ્લા મહામંત્રી શ્રી પ્રેમલભાઈ દેસાઈ,જિલ્લા મહામંત્રી શ્રી બીપીનભાઈ ઓઝા,હિંમતનગર શહેરના મહામંત્રી શ્રી પરીક્ષિતભાઈ વખારીયા,જિલ્લા યુવા મોરચા મહામંત્રી શ્રી રવિન્દ્રસિંહ પરમાર,પૂર્વ સદસ્ય હિંમતનગર નગરપાલિકા શ્રી શશીકાંત સોલંકી,પૂર્વ I.T કન્વીનર જિલ્લા શ્રી જીગરભાઈ રાવલ પૂર્વ મંત્રી શ્રી ભાવનાબેન પંચાલ ભારતીય વિકાસ પરિષદ મંત્રી શ્રી પરીનભાઈ શાહ, શક્તિ કેન્દ્ર સંયોજકશ્રી સુદર્શન પટેલ ,શક્તિ કેન્દ્ર સંયોજક શ્રી અજયસિંહ પરમાર જેવા મહાનુભાવો એ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી અને વાલીઓનો ખુબજ સહયોગ રહ્યોઆ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ વધારવાનો અને આયુર્વેદને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવવાનો હતો. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે પ્રસ્તુતિ આપતા જણાવ્યું — "આયુર્વેદ માત્ર પરંપરા નથી, એમાં વિજ્ઞાન છુપાયેલું છે."વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટ્સ અને મોડેલ્સ દ્વારા સમજાવ્યું કે આયુર્વેદમાં બાયોલોજી – શરીર અને પ્રકૃતિ વચ્ચેનું સંતુલન, કેમિસ્ટ્રી – જડીબુટ્ટીઓમાં રહેલા પોષક તત્વો, ફિઝિક્સ – શરીરની ગતિ, ઉર્જા અને દબાણ કેવી રીતે કાર્ય કરે છે. આ સાથે બાળકો દ્વારા તહેવારો અને રમતગમતમાં રહેલા વૈજ્ઞાનિક તત્વો પણ રસપ્રદ રીતે રજૂ કરવામાં આવ્યા. તેમણે સમજાવ્યું કે તહેવારોમાં સ્વચ્છતા, ઋતુપ્રમાણે જીવનશૈલી અને પર્યાવરણનું મહત્વ છે, જ્યારે રમતગમતમાં ગતિ, બળ અને આરોગ્યનો વૈજ્ઞાનિક આધાર રહેલો છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો — "વિજ્ઞાન અને આયુર્વેદ એકબીજાના પૂરક છે, અને બંને સાથે મળીને સ્વસ્થ જીવનનું નિર્માણ કરે છે." ✨ આ કાર્યક્રમ માત્ર પ્રદર્શન પૂરતો મર્યાદિત ન રહી, પરંતુ જ્ઞાન, સર્જનાત્મકતા અને પ્રેરણાનો ઉત્સવ બની રહ્યો. વિદ્યાર્થીઓના પ્રયાસો સૌ માટે પ્રેરણારૂપ સાબિત થયા.

---

# ડીસન્ટ કિડ્સ વર્લ્ડ સંચાલીત ડીસન્ટ વિદ્યાલય અને સ્પેક્ટ્રમ સ્કૂલ, હિંમતનગર ખાતે વાર્ષિકોત્સવ..






ડીસન્ટ કિડ્સ વર્લ્ડ સંચાલીત ડીસન્ટ વિદ્યાલય અને સ્પેક્ટ્રમ સ્કૂલ, હિંમતનગર ખાતે વાર્ષિકોત્સવ યોજાયો હતો, જેમાં 650થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.કાર્યક્રમની શરૂઆત મહીસાસુર મર્દિની સ્તોત્ર સાથે કરવામાં આવી હતી. આ વર્ષની થીમ "ગુંજ 2026 – અતુલ્ય ભારત" હેઠળ વિદ્યાર્થીઓએ દેશપ્રેમ આધારિત ગીતો અને નૃત્યો દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. શિવતાંડવ, ઓપરેશન સિંદુર અને વુમન્સ વિંગ જેવી પ્રસ્તુતિઓ ખાસ આકર્ષણ બની રહી હતી.વર્ષ 2024-25 દરમિયાન ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી શંકરજી ખાંટ (સી.આર.પી.એફ પેરા મિલિટરી)અને શ્રીમતી ગોપી મહેતા (ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ) ઉપસ્થિત રહ્યા હતા.સંસ્થાના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ તથા વાઇસ પ્રિન્સિપાલ શ્રી મહેન્દ્રભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

---

# મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે "વિકસિત ભારત મેં સંસ્કૃત સાહિત્ય કી ભૂમિકા" વિષય પર નેશનલ સેમિનાર.....

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન અને વિશ્વ મંગલમ્ કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી, મોતીપુરા હિંમતનગર અને ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય "વિકસિત ભારતમાં સંસ્કૃત સાહિત્યની ભૂમિકા" પર નેશનલ સેમિનાર યોજાયો.

જેના અધ્યક્ષ પદે શિક્ષણવિદ વિદ્યાનગરી ના સ્થાપક ડૉ. ડી. એલ. પટેલ, ઉદ્ઘાટક પદે સાબરકાંઠા જિલ્લા ભાજપા પ્રમુખ કનુભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે ડૉ. દેવેન્દ્રભાઈ સુતરીયા, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ડી. પટેલ સુરેશભાઈ પટેલ, ( વિજાપુર આર્ટસ કોલેજ પ્રિન્સિપાલ) ટ્રસ્ટી શ્રી અક્ષયભાઈ પટેલ અને જયદીપભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડૉ. કનૈયાલાલ એલ પટેલે સ્વાગત પ્રવચનમાં મહેમાનોને આવકારી, સંસ્થા પરિચય આપીને સેમિનારની યથાર્થતા રજૂ કરી હતી.

સેમિનારના સંયોજક પ્રો. ડૉ. રીટાબેન જોશી એ સેમિનાર ની ભૂમિકા ઉદ્દેશ અને ની ફલશ્રુતિ રજૂ કરી હતી. સેમિનારના બીજરૂપ વક્તવ્ય પ્રો.ડો.યોગેન્દ્રભાઈ અગ્નિહોત્રી આપ્યું હતું. હેમ. ઉત્તર ગુજરાત યુનિ. સંસ્કૃત વિભાગ ના અધ્યક્ષ પ્રો. ડો. દેવસિંહ રાઠવા, ગુરુ ગોવિંદ યુનિવર્સિટી, ગોધરા સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. ભાવપ્રકાશ ગાંધી, ગુજરાત યુનિવર્સિટી ભાષા ભવન ના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. હેતલ પંડ્યા એ વિવિધ વિષયો પર પુરાણો તેમજ વેદો ના વિવિધ સંસ્કૃત ઉદાહરણો સાથે ઉત્તમ અને મનનીય વક્તવ્યો રજૂ કર્યા હતા . શોધપત્ર વાંચન બેઠકના અધ્યક્ષ પદે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ હિંમતનગરના પ્રિ. ડૉ. રાકેશભાઈ જોષી શોધપત્ર રજૂ થયા એના વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

શોધપત્ર વાંચનના અધ્યક્ષ અને વિજાપુર મહિલા કોલેજના પ્રિ. ડૉ. સુરેશભાઈ પટેલે સૌને શુભેચ્છાઓ પાઠવી પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે 50 શોધપત્રો ના સંપાદિત એક ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કોલેજના પ્રો. ડૉ. એસ પટેલ અને આભાર દર્શન ડૉ દીક્ષા સાવલા એ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના અધ્યાપક ડૉ. કે. વી. ગાવિત, ડૉ. વી જી પટેલ, ડૉ. ડી. કે ભોયા, તેમજ સૌ અધ્યાપકો નો સહકાર રહ્યો હતો. સેમિનારમાં 200 જેટલા સંશોધકો અને અધ્યાપકો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

---

# હિંમતનગરમાં રામ નવમીની ભવ્ય ઉજવણી:શ્રદ્ધા અને ભક્તિનો અદભૂત નજારો...





સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં રામનવમીના પાવન પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરના છાપરીયા વિસ્તારમાં આવેલા રામજી મંદિરથી ભવ્ય અને આકર્ષક શોભાયાત્રા ઉત્સાહ અને ભક્તિભાવ સાથે પ્રસ્થાન પામી હતી. આ શોભાયાત્રા છાપરીયા વિસ્તારથી શરૂ થઈ મહેતાપુરા રામજી મંદિરે પહોંચી હતી. યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને સમગ્ર શહેર 'જય શ્રી રામ'ના ગુંજતા નાદોથી ભક્તિમય બની ગયું હતું. યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી, જ્યાં અનેક સ્થળોએ સ્થાનિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદ, દુર્ગાવાહિની, બજરંગ દળ તેમજ માતૃશક્તિના આગેવાનો ઉત્સાહભેર જોડાયા હતા. ખાસ કરીને દુર્ગાવાહિનીની બહેનો દ્વારા તલવારબાજી તેમજ લાઠીદાવના કરતબો રજૂ કરવામાં આવ્યા હતા, જે 'જય શ્રી રામ'ના નાદ સાથે સમગ્ર વાતાવરણને ગુંજાવી ઉઠાવ્યું હતું અને લોકઆકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રૂટ પર કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શોભાયાત્રા પર નજર રાખવા માટે ડ્રોન કેમેરાથી મોનિટરિંગ કરવામાં આવ્યું હતું તેમજ પોલીસ કાફલો પણ તૈનાત રાખવામાં આવ્યો હતો. ટાવર ચોક ખાતે સામાજિક આગેવાનો દ્વારા છાશ અને ઠંડા પાણીની વ્યવસ્થા સાથે સેવા આપવામાં આવી હતી, જેમાં ભક્તોને તાજગી મળે અને યાત્રા વધુ સુખદ બને તે માટે સક્રિય સહભાગિતા દર્શાવવામાં આવી હતી.

****************************************************************************************************

# પોશીના તાલુકા વિકાસ અધિકારી કવિતા મહેશ્વરી અને તલાટી મનોજ દલાલ ને ભ્રષ્ટાચાર બાબતે જિલ્લા વિકાસ અધિકારી ક્યારે તપાસ કરશે?

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં ટીડીઓ અને તલાટી વચ્ચે થયેલી કથિત વાતચીતનો વાયરલ ઓડિયો હાલ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાયેલા આ ઓડિયો પછી સામાન્ય જનતા અને જાગૃત નાગરિકોમાં અનેક સવાલો ઉભા થયા છે. કથિત વાયરલ ઓડિયોમાં કવિતા મહેશ્વરી તાલુકા વિકાસ અધિકારી અને તલાટી દલાલ મનોજ વચ્ચે થયેલી ઓડિયો ક્લિપ ની સોશિયલ મીડિયામાં લોકો પ્રજા સમક્ષ વિડીયો વાયરલ થતા ભારે હોબાળો મચી ગયેલ છે ત્યારે હજી વધુ એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં તમારા અખબાર દ્વારા રિલીઝ કરવામાં આવશે અને કયા કયા તલાટીઓએ કેટલી કેટલી ટકાવારી મેળવી અને કેટલી ઉચ્ચ કક્ષાએ પહોંચાડી તેની તેનો અમે ઘટસ્પોફ કરશું. પોશીના તાલુકા પંચાયત હસ્તક આવેલી વિવિધ ગ્રામ પંચાયતમાં થતો વ્યાપક ભ્રષ્ટાચાર બાબતે 5% ની ટકાવારી ચાલતી હોવાનું વધુ એક વિડિયો ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે આ અગાઉ પણ તાલુકા વિકાસ અધિકારી અને તલાટી દલાલ વચ્ચેની ઓડિયો ક્લિપ રિલીઝ થઈ હતી જે બાબતે લોકોનો સીધો સવાલ છે કે આ મામલે હજુ સુધી તંત્ર દ્વારા કોઈ સ્પષ્ટ તપાસ કેમ શરૂ કરવામાં આવી નથી? વાયરલ ઓડિયોમાં કરવામાં આવેલી વાતચીતમાં ભ્રષ્ટાચારના ગંભીર સંકેતો મળતા હોવાની ચર્ચા ચાલી રહી છે. જો આ ઓડિયો સાચો સાબિત થાય તો તે માત્ર પોશીના તાલુકા માટે જ નહીં પરંતુ સમગ્ર વહીવટી તંત્ર માટે શરમજનક બાબત બની શકે છે. તેમ છતાં અત્યાર સુધી સંબંધિત અધિકારીઓ તરફથી કોઈ સત્તાવાર સ્પષ્ટતા સામે આવી નથી, જેના કારણે લોકોમાં શંકા વધુ ગાઢ બની રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, છેલ્લા કેટલાક સમયથી વિવિધ કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વધી રહ્યા છે અને સામાન્ય નાગરિકો હવે આ સ્થિતિથી થાકી ગયા છે. વિકાસના કામોથી લઈને વિવિધ સરકારી પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવને લઈને લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.જાગૃત નાગરિકો અને સામાજિક આગેવાનો દ્વારા જિલ્લા પ્રશાસનને માંગ કરવામાં આવી છે કે, આ સમગ્ર મામલે નિષ્પક્ષ અને પારદર્શક તપાસ તાત્કાલિક શરૂ કરવામાં આવે. જો વાયરલ ઓડિયો સાચો સાબિત થાય તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે અને ભ્રષ્ટાચાર સામે કડક સંદેશ આપવામાં આવે. હાલ પોશીના તાલુકાની જનતા એક જ સવાલ પુછી રહી છે.વાયરલ ઓડિયોની તપાસ આખરે ક્યારે થશે? અને ભ્રષ્ટાચાર સામે તંત્ર ક્યારે કડક પગલા ભરશે?





# ઈડરમાં બાળક ઉઠાવવાનો પ્રયાસ કરતી મહિલા સહિતની ગેંગને સ્થાનિકોએ પકડી

સાબરકાંઠા જિલ્લામાં ઇડરના ચાંડપ ગામમાંથી બાળકને ઉઠાવવાનો પ્રયાસ કરતી મહિલાને સ્થાનિકોએ ઝડપી પાડી હતી. મહિલા ઈકો ગાડીમાં આંતરરાજ્ય ગેંગ સાથે આવી હતી અને બાળકને ઉઠાવી પલાયન થાય તે પહેલાં જ સ્થાનિકોએ ઝડપી પાડી છે. સ્થાનિકોએ પોલીસ બોલાવીને 112ની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મહિલા સહિત અન્ય આરોપીઓને કસ્ટડીમાં લઈને ઇડર પોલીસ મથકે લઈ જવાયા હતા.

# હિંમતનગર-તલોદમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપી ઝડપાયા









સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર શહેરમાં મોતીપુરા બાયપાસ રોડ પર શંકાસ્પદ હાલતમાં ઉભેલા બે શખ્શોને પોલીસે ઝડપી પાડતા બંને પાસેથી ચોરીના દાગીના મળી આવ્યા છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ એક ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. ત્રણેય આરોપીઓએ મળીને અઢી માસ અગાઉ હિંમતનગર અને તલોદમાં ઘરફોડ ચોરી આચરી હોવાનો ખુલાસો થયો છે. મળતી માહિતી મુજબ, હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં બાયપાસ રોડ પર બે શખ્શો થેલો લઈને શંકાસ્પદ હાલતમાં ઉભા હતા. પેટ્રોલિંગ દરમિયાન પોલીસે તેમની તલાશી લેતા થેલામાંથી સોના અને ચાંદીના દાગીના મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંને શખ્શોએ દાગીના ચોરીના હોવાનું કબૂલ્યું હતુંપોલીસે બંને પાસેથી અંદાજે રૂ. ૬ લાખ ૭૨ હજારના દાગીના જપ્ત કર્યા છે. તપાસ દરમિયાન ખુલ્યું કે આરોપીઓએ હિંમતનગર શહેરમાં વિજય જ્વેલર્સ તેમજ જલારામ મંદિર રોડ વિસ્તારમાં આવેલા બંધ મકાનોમાં ઘરફોડ ચોરી કરી હતી. ઉપરાંત તલોદમાં પણ એક બંધ મકાનમાં ઘુસીને ચોરી આચરી હોવાનો ભેદ ખુલ્યો છે. ઝડપાયેલા આરોપીઓના નામ નીચે મુજબ છે:૧. આનંદ મલજીભાઈ પારઘી, રહે. ઘુઘસ ખુટા ફળીયું, ઘૂઘસ તા. ફતેપુરા જિ. દાહોદ ૨. નીતિશ નગાભાઈ ડોડિયાર, રહે. બોરખેડી ફળીયું, મોટા નટવા, તા. ફતેપુરા જિ. દાહોદ ફરાર આરોપી: ૧. દિલીપ માનુભાઈ પારઘી, રહે. બલવાસા, તા. થાંદલા જિ. ઝાંબુઆ, મધ્યપ્રદેશ આ મામલે એસપી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા ઝડપી અને અસરકારક કામગીરીના કારણે હિંમતનગર અને તલોદ વિસ્તારમાં થયેલી ચોરીની ઘટનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે અને આગળની તપાસ ચાલુ છે.

# ખેડબ્રહ્મા-અસારવા રેલવે લાઈન પર ટ્રાયલ રન સફળ, ટૂંક સમયમાં દોડશે નવી ટ્રેન

ઉત્તર ગુજરાતના રેલવે મુસાફરો અને લાખો શ્રદ્ધાળુઓ




માટે મોટા અને આનંદના સમાચાર સામે આવ્યા છે. પ્રસિદ્ધ યાત્રાધામ નાના અંબાજી એટલે કે ખેડબ્રહ્માથી અમદાવાદના અસારવા સુધી વાયા હિંમતનગર નવી ઈલેક્ટ્રિક રેલવે સેવા શરૂ થવાની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં છે. તાજેતરમાં રેલવે વિભાગ દ્વારા આ રૂટ પર ઈન્સ્પેક્શન ટ્રેન એન્જિન સાથેનું સફળ ટ્રાયલ રન કરવામાં આવ્યું છે. હિંમતનગરથી ખેડબ્રહ્મા વચ્ચેના મીટરગેજ ટ્રેકને ઈલેક્ટ્રિક બ્રોડગેજમાં રૂપાંતરિત કર્યા બાદ, હવે ટ્રેન દોડાવવા માટેનું પરીક્ષણ તેજ કરવામાં આવ્યું છે. રેલવેના ઉચ્ચ અધિકારીઓએ સીઆરએસ (CRS) બાદ હવે ફાઈનલ ટ્રાયલ રન ઈન્સ્પેક્શન કર્યું છે. આ ટ્રાયલ રનનો રિપોર્ટ સબમિટ થયા બાદ ટૂંક સમયમાં જ આ રૂટ પર નિયમિત ટ્રેન સેવા શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયાએ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને કરેલી રજૂઆત બાદ આ પ્રોજેક્ટમાં ગતિ આવી છે. સાંસદની સક્રિયતાને કારણે હવે એવી સંભાવના છે કે એપ્રિલ 2026 સુધીમાં ખેડબ્રહ્મા-અસારવા ટ્રેન સેવા ઉત્તર ગુજરાતની જનતા માટે કાર્યરત થઈ જશે. આ નવી સુવિધાને કારણે ખેડબ્રહ્માથી અમદાવાદ પહોંચવું ઘણું સરળ અને ઝડપી બનશે. આ રેલવે લાઈન શરૂ થવાથી સૌથી મોટો લાભ ભાદરવી પૂર્ણિમાના મેળામાં જતા લાખો પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓને મળશે. ખેડબ્રહ્મા સ્થિત નાના અંબાજીના દર્શને આવતા ભક્તો માટે આ ટ્રેન આશીર્વાદરૂપ સાબિત થશે. એટલું જ નહીં, સાંસદ દ્વારા ખેડબ્રહ્માથી અંબાજી સુધી પણ રેલવે સુવિધા લંબાવવાની રજૂઆત કરવામાં આવી છે, જેના પર હાલ કાર્યવાહી ગતિમાં છે. ભવિષ્યમાં આ લાઈન અમદાવાદથી વાયા ખેડબ્રહ્મા સીધી અંબાજી સુધી જોડાશે, જેનાથી સમગ્ર ઉત્તર ગુજરાતના પ્રવાસન અને પરિવહન ક્ષેત્રે ક્રાંતિકારી બદલાવ આવશે.

**ઉત્તર ગુજરાતના રેલવે મુસાફરો અને લાખો શ્રદ્ધાળુઓ માટે મોટા અને આનંદના સમાચાર : હિંમતનગર નવી ઈલેક્ટ્રિક રેલવે સેવા શરૂ થવાની તૈયારીઓ : રેલવે લાઈન શરૂ થવાથી સૌથી મોટો લાભ ભાદરવી પૂર્ણિમાના મેળામાં જતા લાખો પદયાત્રીઓ અને શ્રદ્ધાળુને મળશે.**

*****************************************************************************************************************